**પ્રધાનમંત્રીએ કુવૈતના ક્રાઉન પ્રિન્સ સાથે મુલાકાત કરી**

22 ડિસેમ્બર, 2024

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે કુવૈતના ક્રાઉન પ્રિન્સ મહામહિમ શેખ સબાહ અલ-ખાલેદ અલ-હમદ અલ-મુબારક અલ-સબાહ સાથે મુલાકાત કરી હતી. પ્રધાનમંત્રીએ સપ્ટેમ્બર 2024 માં UNGA સત્રમાં થયેલ મહામહિમ ક્રાઉન પ્રિન્સ સાથેની તેમની તાજેતરની મુલાકાતને યાદ કરી હતી.

2. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ભારત કુવૈત સાથેના તેના દ્વિપક્ષીય સંબંધો માટે અત્યંત મહત્વ ધરાવે છે. નેતાઓએ સ્વીકાર્યું કે દ્વિપક્ષીય સંબંધો સારી રીતે આગળ વધી રહ્યા છે અને વ્યૂહાત્મક ભાગીદારીમાં તેમની ઉન્નતિ આવકાર દાયક છે. તેઓએ UN અને અન્ય બહુપક્ષીય મંચોમાં બંને પક્ષો વચ્ચે ગાઢ સંકલન પર ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કુવૈતની પ્રેસિડેન્સી હેઠળ ભારત-GCC સંબંધો વધુ મજબૂત થશે.

3. પ્રધાનમંત્રીએ પારસ્પરિક અનુકૂળ તારીખે ભારતની મુલાકાત લેવા માટે કુવૈતના ક્રાઉન પ્રિન્સને આમંત્રિત કર્યા.

4. કુવૈતના મહામહિમ ક્રાઉન પ્રિન્સે પ્રધાનમંત્રીના સન્માનમાં ભોજન સમારંભનું આયોજન કર્યું હતું.

**કુવૈત**

**22 ડિસેમ્બર, 2024**